શ્રી રામજી રવજી લાલન કોલેજ

નામ:-> ફફલ શિલ્પા ભીમજીભાઈ

સેમેસ્ટર:-> 1

રોલ નં:-> 281

PRN નં:-> COC2025281

વિષય:-> COC

પેપરનું નામ:-> Inclusive Education and Psychol strategies

પેપર કોડ:-> MJ-EPS-101.

Q-4 શૈક્ષણિક મનોવિજ્ઞાનની અભ્યાસ પદ્ધતિઓ તરીકે મુલાકાત અને પ્રશ્નાવલી પદ્ધતિને સવિસ્તાર વર્ણવો.

→ **પ્રસ્તાવના :**

શૈક્ષણિક મનોવિજ્ઞાન, મનોવિજ્ઞાનની એવી શાખા છે જેનો સંબંધ શિક્ષણનાં સિદ્ધાંતો અને સમસ્યાઓ સાથે છે. શૈક્ષણિક મનોવિજ્ઞાન બાળકોનાં અધ્યયન, વિકાસ, વર્તન અને શિક્ષણ પ્રક્રિયાનું વૈજ્ઞાનિક અભ્યાસ કરે છે. આવા અભ્યાસ માટે વિવિધ અભ્યાસ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે જેમ કે, નિરીક્ષણ પદ્ધતિ, પ્રયોગ પદ્ધતિ, કેસ સ્ટડી પદ્ધતિ, મુલાકાત પદ્ધતિ અને પ્રશ્નાવલી પદ્ધતિ.

મુલાકાત પદ્ધતિ અને પ્રશ્નાવલી પદ્ધતિ વિસ્તૃત ચર્ચા કરીશું. તેની વિસ્તૃત સમજ નીચે પ્રમાણે છે

## ⇒ મુલાકાત પદ્ધતિ

શૈક્ષણિક પ્રક્રિયાનાં વિદ્યાર્થી માત્ર જ્ઞાન, મેળવનાર વ્યક્તિ નથી, પરંતુ તે એક વિચારશીલ ભાવાત્મક અને સામાજિક જીવ છે. દરેક વિદ્યાર્થીની બુદ્ધિ, રસ રુચિ, ક્ષમતા, શીખવાની ગતિ અને ભાવાત્મક સ્થિતિ અલગ-અલગ હોય છે આ તફાવતોને સમજવા માટે શિક્ષક અને સંશોધકને વૈજ્ઞાનિક અભ્યાસ પદ્ધતિઓની જરૂર પડે છે.

ફકુલ શિલ્પા કે.

=> મુલાકાત પદ્ધતિનો અર્થ :

મુલાકાત એ ટુંકુ મોઢા - મોઢની વાતચીત મુલાકાત પદ્ધતિ એ એવી અભ્યાસ પદ્ધતિ છે જેમાં સંશોધક, શિક્ષક અથવા મનોચિકિત્સક વિદ્યાર્થી, આશ્રયિતો અથવા શિક્ષણ સાથે સામે સામે વ્યક્તિગત વાતચીત કરીને તેની માનસિક, શૈક્ષણિક, ભાવાત્મક અને સામાજિક સ્થિતિ અંગેની માહિતિ મેળવે છે આ પદ્ધતિમાં પ્રશ્નોત્તરી દ્વારા વ્યક્તિનાં આંતરિક વિચારો અને લાગણી ઓને સમજવાનો પ્રયત્ન થાય છે

"મુલાકાત એક આંતરક્રિયાત્મક પ્રક્રિયા છે જેમાં વિચારોનું પારસ્પરિક આદાન- પ્રદાન થાય છે"
- ગુડ અને હટ

=> મુલાકાત પદ્ધતિનાં પ્રકારો:

આ પદ્ધતિનાં મુખ્ય બે પ્રકાર છે
-> સંરચિત મુલાકાત
-> અ-સંરચિત મુલાકાત.

=> સંરચિત મુલાકાત

સંરચિત મુલાકાત એ એવી મુલાકાત પદ્ધતિ છે જેમાં પ્રશ્નો પહેલેથી જ તૈયાર કરવામાં આવે છે અને બધા ઉત્તરદાતાઓને એક સરખાં પ્રશ્નો, એકસરખા ક્રમમાં પૂછવામાં આવે છે

આ પદ્ધતિમાં પ્રશ્નોની ભાષા, ક્રમ અને જવાબની રીત પહેલેથી નક્કી કરેલ હોય છે.

સંરચિત મુલાકાતની વિશેષતા એ છે કે પ્રશ્નો પૂર્વનક્કી અને એકસરખા હોય છે. આ પદ્ધતિ વૈજ્ઞાનિક અને વધુ વ્યવસ્થિત પદ્ધતિ છે તેની વિશ્વસનીયતા વધુ છે. વ્યક્તિગત તફાવતોની સરખામણી કરવી તથા શૈક્ષણિક સંશોધનમાં ઉપયોગ તેનો હેતુ છે. શીખવાની મુશ્કેલીઓ ઓળખવી, વર્તનનું નિરીક્ષણ મૂલ્યાંકન અને માર્ગદર્શન અને મૂલ્યાંકન માટે માહિતિ એકત્ર કરી શકાય છે. અભ્યાસનો હેતુ સ્પષ્ટ કરી પ્રશ્નોની યાદી તૈયાર કરવી જોઈએ.

## પ્રશ્નોની યાદી તૈયાર

પ્રશ્નોની ભાષા સરળ અને સ્પષ્ટ રાખવી જોઈએ. જેથી તેને સમજવામાં વિદ્યાર્થી કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન અનુભવે. પ્રશ્ન પૂછવા પહેલા તેનું પૂર્વ પરીક્ષણ કરવું જોઈએ. વિદ્યાર્થી દ્વારા અપાયેલા જવાબો ને યોગ્ય રીતે નોંધવાં / રેકોર્ડ કરવાં. માહિતિનું આંકડાકીય વિશ્લેષણ, તારણ અને અહેવાલ તૈયાર કરવો.

સંરચિત મુલાકાત પદ્ધતિનો શૈક્ષણિક ક્ષેત્રમાં ઉપયોગ વિવિધ રીતે કરી શકાય છે. આ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓને પૂર્વનક્કી અને એકસરખાં પ્રશ્નો પૂછવામાં આવતાં હોવાથી તેમની શૈક્ષણિક સમસ્યાઓ, અભ્યાસની આદતો, રસ અને વલણ વિશે નિષ્પક્ષ તથા વિશ્વસનીય માહિતિ પ્રાપ્ત થાય છે.

કુકુલ શિલ્પા કે.

સંરચિત મુલાકાત પદ્ધતિનો શૈક્ષણિક ક્ષેત્રમાં વ્યાપક ઉપયોગ થાય છે. ઉ.દા.: જો કોઈ શાળામાં કેટલાક વિદ્યાર્થીઓ અભ્યાસમાં સતત પાછળ પડે છે, તો શિક્ષકો સંરચિત મુલાકાત દ્વારા તમામ વિદ્યાર્થીઓને એકસરખાં પ્રશ્નો પૂછે છે, જેમ કે, તેઓ દરરોજ કેટલો સમય અભ્યાસ કરે છે, કયો વિષય મુશ્કેલ લાગે છે અને પરીક્ષા સમયે ડર અનુભવાય છે કે નહિ. આ પરિણામો પરથી શિક્ષકને જાણવા મળે છે કે ઘણા વિદ્યાર્થી ગણિતથી ડરે છે અને ત્યારબાદ વિશેષ માર્ગદર્શન આપવામાં આવે છે. જેના આધારે તેમને યોગ્ય અભ્યાસક્રમ કે વ્યવસાય સૂચવી શકાય છે. વર્ગમાં શિસ્તની સમસ્યા હોય ત્યારે સંરચિત મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓને પણ સંબંધિત પ્રશ્ન પૂછવામાં આવે છે જેમ કે તેઓ વર્ગમાં ધ્યાન આપે છે કે નહિ. જેથી સમસ્યાનું મૂળ કારણ જાણી શકાય છે. વધુમાં વિશેષ જરૂરિયાત ધરાવતાં વિદ્યાર્થીઓની ઓળખ માટે પણ સંરચિત મુલાકાત ઉપયોગી બને છે.

આ રીતે સંરચિત મુલાકાત પદ્ધતિ શૈક્ષણિક ક્ષેત્રમાં વ્યવસ્થિત અને અસરકારક રીતે ઉપયોગમાં લઈ શકાય છે.

=> અસંરચિત મુલાકાત :

શૈક્ષણિક ક્ષેત્રમાં દરેક વિદ્યાર્થી એક અનોખી વ્યક્તિ છે. તેના વિચારો, લાગણીઓ, અનુભવો અને સમસ્યાઓને સમજવા માટે ઘણીવાર પૂર્વનિર્ધારિત પ્રશ્નો પૂછ્યા વગર સ્વતંત્ર અને ખુલ્લી વાતચીત

વધું અસરકારક સાબિત થાય છે. આથી સમયે શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં અસંરચિત મુલાકાતનો ઉપયોગ કરવામાં આવે છે. અસંરચિત મુલાકાત એ એવી મુલાકાત પદ્ધતિ છે જેમાં પ્રશ્ન અગાઉથી નક્કી કરવામાં આવતાં નથી. મુલાકાત દરમિયાન સંશોધક અથવા શિક્ષક વિદ્યાર્થી સાથે કુદરતી રીતે વાતચીત કરે છે. આ પદ્ધતિ દ્વારા વ્યક્તિનાં આંતરિક વિચારો, લાગણીઓ અને ભાવાત્મક સ્થિતિને ઊંડાણપૂર્વક સમજવાં મદદ થાય છે.

અસંરચિત મુલાકાત પ્રક્રિયામાં અનુકૂળ અને વિશ્વાસપૂર્ણ વાતાવરણ બનાવ્યું. વિદ્યાર્થીને નિર્ભયપણે બોલવા પ્રોત્સાહિત કર્યો, ખુલ્લી વાતચીત શરૂ કરી તથાં વાતચીત દરમિયાન જરૂરિ પ્રશ્નો પૂછ્યા, હાવ ભાવ, આચાર અને ભાવનાઓનું નિરિક્ષણ કર્યુ, મહત્વપૂર્ણ મુદ્દાઓની નોંધ લેવી અને વાતચીત પછી માહિતીનું વિશ્લેષણ કર્યુ.

શૈક્ષણિક ક્ષેત્રમાં ઉપયોગ વિદ્યાર્થી કાઉન્સેલિંગ, ભાવનાત્મક સમસ્યાઓ વર્તન તકલીફો શાળાં છોડવાનાં કારણો સમજવાં માતાપિતાં સાથે ચર્ચા કરવી વગેરેમાં અસંરચિત મુલાકાતનો ઉપયોગ થાય છે.

ઉ.૬: એક વિદ્યાર્થી પહેલાં વર્ગમાં સક્રિયાં હતો પરંતુ અચાનક શાંત અને ઉદાસ રહેવા લાગ્યો. શિક્ષકે તેની સાથે અસંરચિત મુલાકાત લીધી કોઈ નક્કી પ્રશ્નો વગર સામાન્ય વાતચીત શરૂ કરી - દોસ્તો, ઘર, શાળા વિશે પૂછ્યુ. વાતચીત દરમિયાન વિદ્યાર્થીએ એ કહ્યું કે ઘરમાં માતા-પિતાં વચ્ચે વારંવાર ઝઘડા થાય છે જેના કારણે તેનો તણાવ રહે છે.

કુશલ શિલ્પી છે.

અને અભ્યાસમાં ધ્યાન નથી આપતું. આવા બાળ પુનર્ગઠનો ગુણોથી પ્રકાશ ન મળતા, પરંતુ વિદ્યાર્થી સમજણ અને ~~શિક્ષક~~ શિક્ષકે પ્રતિસ્પર્ધીઓ દ્વારા મદદ કરી.

=> મુલાકાત પદ્ધતિનાં લાભો :

- મુલાકાત પદ્ધતિ દ્વારા વ્યક્તિગત વિશે ઊંડાણપૂર્વક માહિતિ પ્રાપ્ત થાય છે.
- વિદ્યાર્થીની ભાવનાઓ, લાગણીઓ અને આંતરિક વિચારો સમજવામાં સહાય મળે છે.
- મુલાકાતમાં લવચીકતા હોવાથી પરિસ્થિતિ મુજબ પ્રશ્નો પૂછી શકાય છે.
- જવાબમાં શંકા હોય તો તાત્કાલિક સ્પષ્ટતા મેળવી શકાય છે.
- નિરીક્ષણ દ્વારા હાવભાવ, અવાજ અને વર્તનનું પણ મૂલ્યાંકન થઈ શકે છે.

મુલાકાત પદ્ધતિનાં લાભ હોવાથી સાથે કેટલીક મર્યાદાઓ પણ છે જે નીચે મુજબ છે.

=> મુલાકાત પદ્ધતિની મર્યાદા:

- આ પદ્ધતિમાં સમય અને ખર્ચ વધુ લાગે છે.
- ઇન્ટરવ્યુઅર પરની વ્યક્તિગત પક્ષપાતોના પરિણામો અસર કરી શકે છે.
- વિદ્યાર્થી પ્રમાણિક જવાબ આપવામાં અચકાટ અનુભવી શકે છે.
- મોટા સમૂહ માટે આ પદ્ધતિ ઓછી ઉપયોગી છે.
- દરેક માહિતિ આંકડાકીય રીતે માપી શકાય

હોતી નથી.

એક સફળ મુલાકાત માટે આવશ્યક માહિતિ.

→ સુગમતા : ઔપચારિક મુલાકાત માટે બાળકો સરળ સ્વરૂપ એવું કંઈ મેળવશે બાળક સરળ જવાબ આપી શકે.

→ સંધાન : બાળકને સંપૂર્ણપણે અજાણ્યા રીતે મેળવશે કયાં પ્રશ્નો પૂછવાં આપવા કયાં સંબંધ સંદર્ભમાં પૂછવા.

→ પ્રેરણા : મુલાકાતની સફળતા માટે બાળકને જવાબ આપવાં માટે પ્રેરિત કરવા.

કુકુલ શિલ્પા ડી.

⇒ પ્રશ્નાવલી પદ્ધતિ :

શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં વિદ્યાર્થીઓનાં વિચારો, વલણ, રસ, અભ્યાસની આદતો, શૈક્ષણિક મુશ્કેલીઓ અને વર્તનને સમજવા માટે વિવિધ અભ્યાસ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે જ્યારે ઓછાં સમયમાં, ઓછા ખર્ચે અને વિશાળ સમૂહમાંથી માહિતી એકત્રિત કરવાની જરૂર પડે ત્યારે પ્રશ્નાવલી પદ્ધતિ ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે

⇒ પ્રશ્નાવલી પદ્ધતિનો અર્થ :

પ્રશ્નાવલી પદ્ધતિ એ એવી અભ્યાસ પદ્ધતિ છે જેમાં સંશોધક દ્વારાં તૈયાર અગાઉથી કરેલી લેખિત પ્રશ્નોની યાદી વિદ્યાર્થીઓની આપવામાં આવે છે અને તેઓ પોતાનાં વિચારો, અને અનુભવો અનુસાર જવાબ આપે છે આ પદ્ધતિમાં સંશોધક અને ઉત્તરદાયક વચ્ચે સીધો સંપર્ક આવશ્યક નથી.

પ્રશ્નાવલી પદ્ધતિ શૈક્ષણિક મનોવિજ્ઞાનની એક મુખ્ય પદ્ધતિ છે આ પદ્ધતિમાં પ્રશ્નોની એક લાંબી યાદી તૈયાર કરવામાં આવે છે જેને આપણે પ્રશ્નાવલી કહીએ છીએ બાળકો આવા પ્રશ્નોને એક એક વાંચે છે અને પોતાનાં મતે ઉત્તરની શ્રેણી અને સાચી સમજે છે તેના ઉપર નિશાન કરતાં જાય છે ત્યારબાદ આવા જવાબોનો વિશ્લેષણ કરી બાળકોની આદત અભિરુચિઓ મનોવૃત્તિઓ વગેરેનો ખ્યાલ મેળવવામાં આવે છે.

૬૬૯ શિલ્પા કે.

⇒ પ્રશ્નાવલીના પ્રકારો :

આ પદ્ધતિના મુખ્ય બે પ્રકારો છે.

→ ૧ બંધ સ્વરૂપની પ્રશ્નાવલી

→ ૨. ખુલ્લા સ્વરૂપની પ્રશ્નાવલી.

→ ૧. બંધ સ્વરૂપની પ્રશ્નાવલી :

બંધ પ્રકારની પ્રશ્નાવલીમાં પ્રશ્નોનાં જવાબ પૂર્વનિયત વિકલ્પોમાંથી પસંદ કરવામાં હોય છે આ પ્રશ્નાવલીમાં જવાબ ટૂંકા અને સ્પષ્ટ હોય છે જેથી સરખામણી સરળ તથાં આંકડાકીય વિશ્લેષણ પણ સરળ રહે છે પ્રશ્નાવલીમાં હા/ના, સાચું/ખોટું, બહુવિકલ્પ હોય છે

ઉદા: > શું તમને ગણિત વિષય ગમે છે?

□ હા □ ના

> તમે રોજ અભ્યાસ કરો છો?

□ હંમેશા □ ક્યારેક □ ક્યારેય નહિં

→ ૨. ખુલ્લા સ્વરૂપની પ્રશ્નાવલી :

ખુલ્લી પ્રશ્નાવલીમાં ઉત્તરદાતાને પોતાનાં શબ્દોમાં જવાબ આપવા માટે સ્વતંત્રતા હોય છે તેની વિશેષતાં એ છે કે તેમાંથી ઊંડાણપૂર્વક માહિતિ મેળવી શકાય છે, વ્યક્તિગત વિચાર મળવા મદદરૂપ વિશ્લેષણ મુશ્કેલ હોય છે

કૂકુલ શિખ્યા છે.

ઉ.દા. > તમારી વાંચન સમયમાં વિશે વિચાર આપશો
> શિક્ષણ પદ્ધતિમાં શું સુધારો ઇચ્છો.

આ ઉપરાંત ઘણાં પ્રશ્નાવલીના અન્ય પ્રકારો પણ છે જે નીચે મુજબ છે

→ અન્ય પ્રકારો:

- મિશ્ર પ્રકારની પ્રશ્નાવલી: આ પ્રશ્નાવલીમાં એવી હોય છે જેમાં ખુલ્લા અને બંધ - બંને પ્રકારનાં પ્રશ્ન પૂછવામાં આવે છે.
  અત્યંત સૌથી વધું ઉપયોગી છે.

- દ્વિવિકલ્પીય પ્રશ્નાવલી: આ પ્રશ્નાવલીમાં માત્ર બે વિકલ્પ હોય છે
  હા/ના, સાચું/ખોટું, છે/નથી.

- Rating scale પ્રશ્નાવલી: વ્યક્તિ કોઈ વસ્તુ એવાં અથવાં અનુભવને 1 થી 5 અથવાં 1 થી 10 સુધી રેટ કરે છે.

ઉ.દા. શિક્ષણની ગુણવત્તાને 1-10 સુધી રેટ કરો.

- Scale આધારિત પ્રશ્નાવલી: વ્યક્તિના વલણો માપવાં, અભિપ્રાય માપવા માટે આ પ્રશ્નાવલી નો ઉપયોગ થાય છે.

લીકર્ટ ઉ.દા.:
→ ખૂબ સહમત
→ સહમત
→ નિષ્પક્ષ
→ અસહમત
→ ખૂબ અસહમત.

Date........................

Kabir Page........................

કફન શાળા કે.

=> પ્રશ્નાવલીનાં લાભો :

- પ્રશ્નાવલી પદ્ધતિમાં સરળતાનો ઉકેલ મેળવા મળે છે. આ ઉપયોગ કરવા માટે શિક્ષણ અથવા શૈક્ષણિક મનો-વિજ્ઞાનિકો કોઈક વિશેષ પ્રશિક્ષણની જરૂર હોતિ નથી.
- પ્રશ્નાવલી પદ્ધતિ દ્વારાં ઓછા સમયમાં વધું માહિતિ મેળવી શકાય છે. તથાં ખર્ચ ઓછો થાય છે.
- વિશાળ સમુહમાંથી માહિતિ એકત્ર કરવા માટે યોગ્ય છે.

=> પ્રશ્નાવલી મર્યાદાઓ :

- આ પદ્ધતિ દ્વારાં ઊંડાણપૂર્વક માહિતિ મળતી નથી.
- પ્રતિચાયકો કયારેક ખોટા અથવાં અધુરાં જવાબ આપી શકે છે.
- પ્રતિચાયકની વાચન- લખાણ ક્ષમતા પર આધાર રહે છે.
- બધાજ પ્રતિચાયકો પ્રશ્નાવલી પાછી આપે એવું જરૂરી નથી.

ઉપસંહાર :

આ રીતે સ્પષ્ટ થાય છે કે શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં અભ્યાસન પદ્ધતિ તરીકે મુલાકાત પદ્ધતિ અને પ્રશ્નાવલી પદ્ધતિ બંનેનું વિશેષ મહત્વ છે. મુલાકાત પદ્ધતિ દ્વારાં વિદ્યાર્થીઓનાં વિચારો, લાગણીઓ અને વર્તણ સમસ્યાઓને ઊંડાણપૂર્વક સમજી શકાય છે જ્યારે પ્રશ્નાવલી પદ્ધતિ દ્વારાં ઓછા સમયમાં અને ઓછા ખર્ચે વિશાળ સમુહમાંથી માહિતિ એકત્ર કરી શકાય છે. આમ, બંને પદ્ધતિઓ મહત્વની માનવામાં આવે છે.